ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૨-૨૦૧૫, શનિવાર

તંત્રી સ્થાનેથી....

અપેક્ષાઓ અને પડકારો વચ્ચે દિલ્હીમાં મહાનાયકનો રાજ્યાભિષેક

આજે દિલ્હીના મહાનાયક અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની સરકાર રચાશે. દિલ્હીના ઇતિહાસમાં પ્રથમવાર ૭૦માંથી ૬૭ બેઠકો મેળવી આમ આદમી પાર્ટીએ એક નવો ઇતિહાસ રચ્યો છે. અદ્‌ભૂત... અકલ્પનીય... જીત ગણાવાય છે. કેન્દ્રમાં ભાજપની શક્તિશાળી સરકાર... શક્તિશાળી પ્રધાનમંત્રી અને દિલ્હીની ત્રણેય મહાનગર પાલિકાઓમાં પણ ભાજપનું શાસન. આમ ઉપર નીચે ભાજપના ડંકા વાગતા હોવા છતાંય આમ આદમી પાર્ટીની ઐતિહાસિક જીત નવા પરિણામો સર્જે છે. ભાજપ કે કોંગ્રેસ જેવું શક્તિશાળી સંગઠન ન હોવા છતાંય નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા પ્રખર વક્તા ન હોવા છતાં આમ આદમી પાર્ટીએ મેળવેલી જીતની પાછળ દિલ્હીની પ્રજાની મોટી અપેક્ષાઓ ખડકાયેલી છે. દિલ્હીના તમામ વર્ગોએ જોમ અને જુસ્સાથી આમ આદમી પાર્ટીનીને વોટ આપ્યા છે. મતના આંકડા પરથી ફલિત થાય છે કે દિલ્હીનો જનસમાજ નવી આશાઓ અને આકાંક્ષાઓ મતથી પ્રતિબિંબિત કરી છે. આમ આદમી પાર્ટીએ પણ દિલ્હીના જનજીવનના રોજિંદા પ્રશ્નો ઉપરાંત અનેક લોભામણાં વચનો આપ્યા છે. વાચનો આપવામાં આપના આગેવાનોએ પાછું વળીને જોયું જ નથી. મફત પાણી... સસ્તી વીજળી, ફ્રી વાઇ-ફાઇ... મહિલા સુરક્ષા અને ૨૦૦ શાળાઓ, મહાશાળાઓના વચનો મુખ્ય છે. દિલ્હીના ૩૬ હજાર કરોડના અંદાજપત્રમાં આ વચનો કેમ પુરા થશે તેની સૌને ચિંતા છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઇક ચમત્કાર જ આ વચનોને પુર્ણતા સુધી લઇ જઇ સકે. આમ છતાં સમગ્ર સમાજનો વિશ્વાસ જે રીતે વ્યક્ત થયો છે તે આપ પાર્ટી માટે મોટી જવાબદારી ઊભી કરે છે. વચનો પુરા કરવા આપ માટે અઘરા છે અને ક્યાંક અશક્ય પણ છે. આમ છતાં આમ આદમી પાર્ટી પુર્ણ પ્રતિબદ્ધતાથી મીડિયા સામે અને પ્રજા સામે વચનો પુરા કરવામાં ઊણાં નહીં ઊતરે તેવો વિશ્વાસ વ્યક્ત કરે છે. મીડિયાના તમામ ક્ષેત્રોમાં આજકાલ આપના વચનોની ચર્ચા ચિંતામાં પલટાઇ ગઇ છે. આપ પાર્ટીના કાર્યકરો દિલ્હીની પ્રજાને પોતાની વાત સરળતાથી સમજાવી શક્યા છે અને એટલે જ જંગી જીત થઇ છે. બંને તરફ ભરોસો છે. કદાચ ૭૦ ટકા... ૬૦ ટકા.. ૫૦ ટકા... વચનો પૂર્ણ થશે તો પણ પ્રજાને સંતોષ થશે એ વાત આજે આંખે ઉડીને વળગે છે. કારણ કે નિયત સાફ છે...! નીતિ સ્પષ્ટ છે...! ખોટી પ્રચારની ભરમાર હોય તેવું પ્રજાને લાગતું નથી. વ્યતવ્યમાં પારવધા નહીં હોય... ઠાઠ ઠઠારો કરતાં આવડતું નહીં હોય... પરંતુ પ્રજાના દિલ સુધી પહોંચવામાં આપની આવડત પુરવાર થઇ છે. પૈસા... સત્તા... પ્રચાર ચુંટણી જીતાડી શકે તેવું માનવું ભ્રમ છે. એ દિલ્હીના પરિણામો સાબિત કરે છે. પ્રજાને તો જોઇએ છે સાચો... સરળ અને સાફ નિયતવાળો પ્રતિનિધિ. જે પ્રજાને પરિણામોમાં દેખાડ્યું છે. જો આપના ધારાસભ્યો, કાર્યકરો અને નેતાઓ સત્તાના નશામાં છકી ના જાય તો પ્રજા તેમના બે કામ ઓછાં પણ સ્વીકારશે. અહંકારથી અળગા રહીને આપના કાર્યકરો પ્રજાની વચ્ચે રહેશે. સુખ-દુઃખના ભાગીદાર બનશે અને સાલસ વ્યવહાર રાખશે તો દિલ્હીથી દેશભરમાં ફેલાવાના ઉજળા સંજોગો આપ માટે છે... અગાઉના ૪૯ દિવસના આ શાસનમાંથી ઘણા બધા પાઠ શીખીને રાજકીય પરિપક્વતા દેખાઇ આવે છે પરંતુ હજુ સરળતા અને સ્પષ્ટતા આપ અપનાવશે તો ઉજ્જવળ આવતીકાલના નિર્માણના ભાગીદાર બનવાની તક આમ આદમી પાર્ટીના લલાટે લખાશે. પડકારો ઝીલવાની સમર્થતા આમ આદમી પાર્ટીએ મેળવી છે. હવે માત્ર સાર્થકતા સિદ્ધ કરવાનો સમય છે. દેશની રાજધાની દિલ્હીના સિંહાસન પર બિરાજતાં અરવિંદ કેજરીવાલ અને તેમના સાથીઓએ પડકારોને પોંખવાની સમર્થતા સતત પ્રગટાવવી પડશે.

બાળ પ્રતિભા સ્પર્ધામાં જે.બી. સ્કુલનો વિદ્યાર્થી ઝળકયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકાના રૂપાલ ખાતે પ્રદેશ કક્ષાની બાળપ્રતિભા સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં સે-૨૩માં આવેલ શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીએ એક પાત્રીય અભિનય સ્પર્ધામાં બીજો નંબર મેળવી રાજય કક્ષાએ પસંદગી પામ્યો છે. ગાંધીનગર પાસે આવેલા રૂપાલ ગામની શાળામાં પ્રદેશ કક્ષાની બાળ પ્રતિભા સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકોમાં રહેલી શકિતઓ વિકસે તેમજ આગળ જવા માટે પ્લેટોફોર્મ મળી રહે તે હેતુથી પ્રદેશ કક્ષાની સ્પર્ધા યોજવામાં આવી હતી. રૂપાલ ખાતે વિવિધ પ્રકારની સ્પર્ધાઓ યોજાઈ હતી. સેકટર-૨૩ની જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી કુલદીપ ડોડીયાએ એક પાત્રીય અભિનયમાં બીજો નંબર મેળવ્યો છે. કુલદીપ રાજય કક્ષાએ યોજાનારી સ્પર્ધામાં પસંદગી પામ્યો છે. જે બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

અનુસૂચિત જાતિના યુવક યુવતિઓ માટે પરિભ્રમણ

ગાંધીનગર, તા.૧૩

રાજયના ૧૫થી ૩૫ વર્ષની વય મર્યાદાવાળા ફકત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી બિન વિદ્યાર્થી યુવક/યુવતીઓને સાગરકાંઠા વિસ્તારના સાહસિક પ્રવાસમાં ભાગ લેવાની તક આપી પ્રોત્સાહિત કરવા રાજય સરકારના કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે સરકારશ્રીના ખર્ચે સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ સંભવિત ફેબ્રુઆરી ૨૦૧૫માં યોજાનાર છે. આ કાર્યક્રમમાં ૧૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે.

માત્ર અનુસૂચિત જનજાતિના યુવક યુવતીઓએ કે જેઓ તા. ૩૦-૧૧-૨૦૧૪ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય તેવા અને આ કાર્યક્રમમાં ભાગ લેવા રસ ધરાવતા હોય તેઓએ નીચે જણાવેલ વિગતો સાથેની પોતાની અરજી જિલ્લા રમત ગમત અધિકારી કચેરી, બહુમાળી ભવન એનેક્ષી-જી/૨, ભાવનગર શહેરની કચેરીએ તા. ૧૫-૨-૨૦૧૫ સુધીમાં મોકલી આપવાની રહેશે.

અરજીમાં પોતાનું પુરું નામ-સરનામું (ફોન-મોબાઈલ નંબર સાથે) (આધાર કાર્ડ-ચુંટણી મતદાતા ઓળખકાર્ડ/ રાજય સરકાર, કેન્દ્ર સરકાર, શાળા/ કોલેજ કે યુનિ. દ્વારા અપાયેલ ફોટા સાથેની ઓળખકાર્ડની પ્રમાણિત નકલ, રહેઠાણ પુરાવા તરીકે રેશનકાર્ડ લાઈટ બીલ, ગેસ બીલ ટેલિફોન બીલની પ્રમાણિત નકલ સામેલ કરવી) જન્મ તારીખ (જન્મ તારીખના પ્રમાણપત્ર/શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ બિનચૂક સામેલ કરવી) રમતગમત/ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ/ એન.સી.સી. કે એન.એસ.એસ. તથા અન્ય સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત અગાઉ આ પ્રકારના કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત. આ કાર્યક્રમ માટે શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવા ડોકટરી પ્રમાણપત્ર-અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર/તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ/વાલીની સંમતિ પત્ર લેખિતમાં શૈક્ષણિક લાયકાત નોકરી-ધંધાને લગતી પસંદગીનો પ્રકાર અધુરી વિગતો વાળી અને મુદત બહાર આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.

રાજયભરમાં મળેલ અરજીઓની પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા ૧૦૦ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ફકત પસંદ થયેલ યુવક યુવતીઓને જ આ બાબતની જાણ કરવામાં આવશે. આ માટે કોઈ પત્ર વ્યવહાર કે વાદ વિવાદ કરી શકશે નહિં.

જૂનાગઢ ગોદડીયાની રામવાડી ખાતે પદ્મો મહાશિવરાત્રિ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૩

જૂનાગઢના પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી ખાતે પદ્મો શિવરાત્રી મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. ગોદડીયા બાપાના પરિવારજનો દ્વારા ૫૫ વર્ષથી મહાશિવરાત્રી મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે ચાલુ વર્ષે તા. ૧૪ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન પદ્મા શિવરાત્રી મહોત્સવને ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. પ.પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી નંબર-૧ ગિરનાર રોડ જૂનાગઢ ખાતે યોજાશે. દેવાધિદેવ મહાદેવના પવિત્ર દિવસે ભાવિ ભકતોને ઉપસ્થિત રહી લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

તખ્તાલાયકી નાટક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

આર.એન.પટેલ પ્રાયમરી સ્કૂલમાં ૧૦ ફેબ્રુઆરી મંગળવારના રોજ અભ્યાસમાં આવતા તખ્તાલાયકી ધરાવતા નાટકોને જે તે ધોરણના બાળકો ભજવીને પોતાનામાં રહેલી કુશળતાનું પ્રદર્શન કરતા હોય છે તેજ રીતે ધોરણ-૭ના પાઠ્ય પુસ્તકમાં 'જીવરામ ભટ્ટ' નામનું નાટક આવે છે. જે કવિ દલપતરામના 'મિથ્યાભિમાન' નાયકમાંથી લીધેલો એક અંશ છે.

અમારી શાળાના ધોરણ-૭ના બાળકો હેતલ, યાત્રી, સમીર, કૃપા, ઝીલ, હીરવા, દીપ, સ્મિત અને આસ્થા વગેરેએ જીવરામ ભટ્ટ, રંગલો, ગંગા, સોમનાથ, જીવરામના સાસુ દેવબાઈ, ઝસરા રઘનાથની વેશભૂષામાં સજ્જ થઈને નાટક બજવ્યું હતું. આ નાટક ધોરણ-૭ના તમામ બાળકોએ રસપૂર્વક નિહાળ્યું હતું. નાટક દેશ્ય-શ્રાવ્યના માધ્યમથી બાળકોએ જીવરામના 'મિથ્યાભિમાન'ને (ખોટુ અભિમાન) જાણ્યું. કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી ભગવતીબેને મિથ્યાભિમાનમાં રાચતા કંસ, રાવણ અને દુર્યોધનની વાત કહી હતી. નાટકને અંતે શ્રીમતી રમિલાબેને મૂલ્યાંકન તરીકે પ્રશ્નોત્તરી કરી હતી.

આજે રેશનલ સમાજની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૩

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આજરોજ શનિવાર સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે મળશે. બેઠકમાં સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

કલોલમાં સિદ્ધેશ્વર મહાદેવમાં શિવરાત્રી મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે તા. ૧૭મીને મંગળવારે કલોલ તેજાનંદ ધામના સિદ્ધેશ્વર મહાદેવની નિશ્રામાં સવારે ૭ કલાકે શિવપૂજન દ્વાદશ જ્યોર્તિલીંગની પૂજા, બિલીપત્રનો અભિષેક ધ્વજા આરોહણ, મહાઆરતી યોજાશે. જેનો ભાવિક ભક્તોએ લાભ લેવા ગિરીશભાઈ પંડ્યાએ જણાવ્યું છે.

શક્તિમંડળ દ્વારા આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

મા બહુચરનો આનંદનો ગરબો તા. ૧૭મી મંગળવારે સેક્ટર-૩-ડી હરસિદ્ધ પીઠ ખાતે બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે શક્તિ મંડળ દ્વારા ગાવામાં આવશે. તા. ૧૮મી બુધવારે અમાસ નિમિત્તે સેક્ટર-૨૪ પ્લોટ નં. ૧૫૯/૨ પુષ્પાબેન પટેલના નિવાસસ્થાને બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે શક્તિમંડળના નિમિષાબેન પંડ્યાના સુમધુર કંઠે ગાવામાં આવશે.

હરિની દૃષ્ટિ...

આર.એન. પટેલ સ્કૂલમાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ૩જી ફેબ્રુઆરી શુકવારના રોજ ધોરણ-૨ની પેરેન્ટસ મિટિંગ રાખેલ હતી. શરૂઆત તાવિયાડ ખુશીએ ગણપતિ દાદાના ગીત 'બુમ તમને પાડું...' દ્વારા કરી હતી.

ત્યારબાદ ધોરણ-૨ના વિદ્યાર્થીઓ પટેલ ધાર્મિક, ત્રિવેદી ઓમ, ચાવડા જયરાજસિંહ, મલીક મહમદ સાફીન, ગુજરાત કિશે એક સુંદર મજાનું માઈમ રજુ કર્યુ હતુ. આ માઈમ દ્વારા વિદ્યાર્થીઓએ સર્વધર્મ એકની ભાવના રજુ કરી હતી. ઝાલા દક્ષપાલ અને પ્રજાપતિ કેયુરે સુંદર ઝોક્સ રજૂ કર્યા હતા.

ત્રિવેદી તથ્યા અને ત્રિવેદી તિર્થા, વાઘેલા વિધિબા, પટેલ સ્વીના, ત્રિવેદી ભક્તિ, ચૌધરી સુમિત, પટેલ જેનીલ, વાલ્મિકી મિતેષ, ચૌધરી પ્રદિપ, ચૌધરી પ્રિન્સ, બારોટ લકી, પરમાર પાર્થ, પટેલ મન, સિંધા અભિજીત, નવલખા પ્રિયાંશી, પટેલ બંસરીએ સુંદર ડાન્સ રજૂ કર્યો હતો.

ત્યારબાદ પટેલે જેનીલના વાલીએ પોતે તૈયાર કરાવેલ ડાન્સ જેનિલે રજૂ કર્યો હતો. જેમાં ગણપતિ દાદાને પ્રાર્થના કરવામાં આવી હતી. પ્રોગ્રામમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને સર્ટી આપવામાં આવ્યા હતા અને વર્ગના બધા જ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

આ પોગ્રામનું સંચાલન વર્ગશિક્ષક મંજુલાબેને કર્યું હતું. વિષય શિક્ષકો અર્ચનાબેન પણ મિટિંગમાં હાજર રહ્યા હતા. શાળાના સુપરવાઈઝર અશોકભાઈ પટેલ હાજર રહીને શાળા પરિવાર વતી વાલીશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

વેરાવળ ખાતે તરણ તાલીમ શિબિર યોજાશે

રાજ્યના યુવક-યુવતિઓ ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૧૩

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ચાલુ વર્ષે આગામી માર્ચ-૨૦૧૫માં જૂનાગઢ જિલ્લાના વેરાવળ ખાતેના અરબી સમુદ્રમાં નિષ્ણાંત તરણ કોચના માર્ગદર્શન હેઠળ સમુદ્ર તરણ તાલીમ શિબિર યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં ગુજરાતમાંથી પસંદ કરવામાં આવનાર ૩૦ યુવક-યુવતીઓને આ શિબિરનો લાભ મળી શકશે.

આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા અને તા. ૩૧-૧-૨૦૧૫ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વય ધરાવતા યુવક-યુવતીઓએ કોરા કાગળણાં પોતાનું પુરૂ નામ-સરનામુ, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય અગાઉ તાલુકા, જિલ્લા, રાજયકક્ષાની તરણ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તો તેની વિગતો, ઓછામાં ઓછા ૨ થી ૩ કલાક સુધી તરી સકવાની ક્ષમતા ધરાવતા હોવાનું સ્વીમીંગ પુલ કે તરણ કોચનું પ્રમાણપત્ર, શારીરિક/ માનસિક તંદુરસ્તી ધરાવતા હોવાનું તાજેતરનું ડોક્ટરી પ્રમાણપત્ર, આ તાલીમ જોખમી હોઈ તેમાં જોડાવવા માટે વાલીનો સંમતિ પત્ર તેમજ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સહિતની અરજી તા. ૨૮-૨-૨૦૧૫ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીશ્રી ૧/૩, બહુમાળી ભવન, સરદાર બાગ (ટેલીફોન નં. ૦૨૮૫-૨૬૩૦૪૯૦) જૂનાગઢને મોકલી આપવાની રહેશે.

શિબિર માટે પસંદગી કરતા પહેલાં વેરાવળ ખાતે પૂર્વ તરણ કસોટી પણ યોજવામાં આવશે અને પૂર્વ તરણ કસોટીમાં યોગ્ય જણાયેલ યુવક-યુવતીઓને તાલીમ શિબિરમાં સમુદ્ર તરણની તાલીમ આપવામાં આવશે. આ તાલીમાર્થીઓનો નિવાસ-ભોજન-તાલીમ અને પ્રવાસ ખર્ચ ગુજરાત સરકારશ્રી તરફથી કરવામાં આવશે. વિશેષમાં સ્પષ્ટતા કરવાની કે શિબિરના અંતે ૧૦ નોટીકલ માઈલની તરણ સ્પર્ધા પણ યોજવામાં આવશે.

પણ, હું તો તને પ્રેમ કરું છું!

અદબ પલાઠી મોં પર આંગળી
- ડો. સંતોષ દેવકર

પીવડાવવો છે જામ? લે મારાથી કર શરૂ.
તું આવ સ્હેજ આમ, લે મારાથી કર શરૂ.

તું લૈશ તો બ્રહ્માંડે આવી જશે બાથમાં,
આસાન છે આ કામ, લે, મારાથી કર શરૂ.
માણસથી મોટું કોઇ નથી તીર્થ પ્રેમનું,
હું છું પ્રથમ મુકામ, લે, મારાથી કર શરૂ.
તારી પીડામાં હિસ્સેદાસ કોણ કોણ છે,
લખવા છે તારે નામ? લે, મારાથી કર શરૂ.

- રમેશ પારેખ

વસંતઋતુ ચાલી રહી છે. આ ઋતુમાં યુવા હૈયાઓની ધડકનો તેજ બને છે. (યુવાનીને માત્ર ઉંમર સાથે સંબંધ નથી) આ તેજ બનેલી ધડકનો ક્યાંક અથડાય છે તો ક્યાંક પહોંચીને હાશકારો અનુભવે છે. વસંતપંચમીના બરાબર પંદરમાં દિવસે વેલેન્ટાઇન ડે છે. લગ્નની મોસમ પૂર બહારમાં ખીલી છે. લગ્ન મેળાપમાં ક્યાંક હસ્તમેળાપ થાય છે તો ક્યાંક હૃદય મેળાપ પણ થતો હોય છે. હૃદય મેળાપ વગરનો હસ્તમેળાપ માત્ર ક્રિયાકાંડ જ સાબિત થાય છે.

બે યુવા હૈયાઓ એકબીજાને પ્રેમ કરતાં હોય અને સમાજને કારણે મળી ન શકે, સાથે જીવી ન શકે, ત્યારે ઢોંગી સમાજની નાદુરસ્ત તબિયત માટે દયા જ ખાવી રહી, પ્રેમ સંબંધોની શરૂઆતમાં સ્ત્રી અને પુરુષ એકબીજાની સતત સંભાળ લેતા હોય છે. સાચી વાત તો એ છે કે નિર્જીવ વસ્તુઓ પ્રત્યેના પ્રેમનો એકરાર આપણે અવારનવાર - વારંવાર કરીએ છીએ. જેમ કે આઇ લવ ચોકલેટ્સ, આઇ લવ માય કાર, આઇ લવ ટ્રાવેલીંગ વગેરે વગેરે... પરંતુ આપણે જે વ્યક્તિ સાથે જીવન જીવીએ છીએ તેના પ્રત્યેના આપણા પ્રેમને વાચા આપતાં હંમેશા ખચકાટ અનુભવીએ છીએ. ખરું જ કહેવાયુ છે કે -

અપનો કો હંમેશા અપના હોને કા અહેસાસ દિલાઓ વરના
વક્ત આપકે અપનો કો આપકે બીના જીના સીખા દેગા.

તુને તો કહા થા
હર શામ
ગુજરેલી તેરે સાથ
તુ બદલ ગયા
યા
તેરે શહર મેં
શામ
નહિ હોતી

(વોટ્સઅપ)

સહજીવન એકબીજાને મદદરૂપ થઇને આનંદથી જીવવા માટે છે, નહીં કે એકબીજા પર અત્યાચારો કે બદલો લેવા માટે. દુનિયાનો કોઇ પણ કાયદો સંબંધોને ઉષ્માભર્યા ન બનાવી શકે...!! કહેવાય છે કે સ્ત્રીઓ સફાઇથી જુઠ્ઠું બોલી શકે છે અને જ્યારે જુઠ્ઠું બોલતા પકડાઇ જાય છે, ત્યારે એના કરતાં પણ વધુ સફાઇથી સમજાવી શકે છે કે જુઠ્ઠું બોલવું કેટલું જરૂરી હતું. મોટાભાગના પુરુષોમાં સ્વભાવગત રીતે જ વ્યક્તિગત ગોઠવણીની સૂઝનો અભાવ હોય છે અને પરિણામે બધુ વ્યસ્ત પડ્યું હોય. જ્યારે મોટાભાગની સ્ત્રીઓ જ્યાં સુધી કંઇ પણ અસ્ત વ્યસ્ત હોય, ત્યાં સુધી પગ વાળીને બેસી શકતી નથી. લગ્ન પહેલાં સ્ત્રીએ કહેલી વાતો વાગોળવામાં આખી રાત જાગતો પડી રહેતો પુરુષ, લગ્ન પછી સ્ત્રી વાત કહેવાની શરૂઆત કરે, ને ઘસઘસાટ ઊંઘવ માડે છે. કારણ કે લગ્ન બાદ પુરુષની પ્રાથમિકતા અને સ્ત્રીની વાતો બદલાય છે!! વિજાતીય સંબંધોમાં સ્ત્રીઓ પુરુષો કરતાં વધુ બોલે છે. કારણ કે પુરુષોને એકની એક વાત વારંવાર કહે તો જ તેના ધ્યાનમાં આવે, છે તેવું સ્ત્રીઓનું માનવું છે, બાકી સાચી હકીકત તો એ છે કે પુરુષોને જે ધ્યાનમાં લેવું હોય તે એક જ વારમાં લઇ લે છે!! સ્ત્રી સુંદર લાગે છે એટલે પુરુષ તેને પ્રેમ નથી કરતો પરંતુ પુરુષ તેને પ્રેમ કરે છે એટલે સ્ત્રી એને સુંદર લાગે છે.

તરતની ન્હાઇને નિકળેલી તું
તારા વાળમાંથી ટપકતાં જલબિંદુ
મારા હૃદયમાં પાંગરતા
પ્રેમના છોડને પોષે છે.
તારું બોલવા - બોલતાં
અટકી જવું ને
નિરૂત્તર બનીને તાકી રહેવું
મારા મનને આલિંગન આપે છે.
અલી, કોણ છે તું?
મારી જન્મોજન્માન્તરની સખી?
મારી પ્રેમિકા કે મારી કલ્પના?
માત્ર વિધાન ? નહિ નહિ
આખો નિબંધ બોલે છે
તારી આ આંખો!!

● સંબંદો અને પ્રેમ કારકિર્દી કે ભૌતિકતા પાછળ હોમી દેવાની બાબત નથી, પરંતુ આપણને તે મેળવવા માટે આત્મબળ પુરું પાડનાર ઇંધળ છે.

● તમે ઇશ્વરનું બેજોડ સર્જન છો, તમારી જગ્યા અન્ય કોઇ ક્યારેક ન લઇ શકે, તેવો અહેસાસ જો તમને કોઇ કરાવી શકે, તો ચોક્કસ માનજો કે એ વ્યક્તિ તમને સાવ સાચો પ્રેમ કરે છે.

● કોઇ બે વ્યક્તિ પાસે એકબીજાના પ્રેમમાં પડવા પાછળ વજુદવાળા, એક પણ કારણ ન હોઇ શકે, જ્યારે ત્રીજી વ્યક્તિ પાસે તેના અનેક કારણો હોઇ શકે છે, અર્થાત પ્રેમીઓ પાસે પ્રેમમાં પડવાનું એક પણ કારણ નથી હોતું અને જમાના પાસે તેમના પ્રેમમાં પડવાનાં અનેક કારણો ઉપલબ્ધ હોય છે.

● લાગણીઓના સંબંધમાં આપણે એકબીજાને સ્વતંત્ર તરીકે પૂરતો આદર ન આપીએ તો બંને વચ્ચે પ્રેમ ટકી રહે, એવી અપેક્ષા રાખવી વ્યર્થ છે.

● કોઇ સ્ત્રીને પુરુષ મિત્ર હોય તો બીજી સ્ત્રી જેટલી સહજતાથી સ્વીકારી શકે છે, એટલી સહજતાથી કોઇ પુરુષ સ્વીકારી શકતો નથી.

● સંબંધોમાં સ્ત્રીઓ પુરુષો જેટલી સરળતાથી છેતરાણી નથી. પરંતુ જો છેતરવા માંડે તો પુરુષો જેટલી સરળતાથી પકડાતી પણ નથી.

(શીર્ષક પંક્તિ : ડો. હંસલ ભચેચ)

મિસરી -
કિસને દસ્તક દી દિલ પર કૌન હૈ
આપતો અંદર હૈ તો બાહર કૌન હૈ

- રાહત ઇન્દોરી
(sms - પ્રા વ્રજેશ પંડ્યા)